ગાંધીનગર સમાચાર

તા. ૨૫-૫-૨૦૧૫, સોમવાર

## તંત્રી સ્થાનેથી....

### ભારતીય મગજની કસરત

ભારત અને કહેવાતા સમૃદ્ધ દેશો વચ્ચે કઇ બાબતે ફરક પડે છે? આમ જુઓ તો એ લોકો આપણને ગંદી, ગોબરી, અંધશ્રદ્ધાળુ અને દીનહીન પ્રજા તરીકે તિરસ્કારતા રહ્યા છે. પરંતુ ભારત પાસે હજારો વર્ષની સાંસ્કૃતિથી પરિષ્કૃત થયેલું ફળદ્રુપ મગજ છે, જે દુનિયાની અન્ય પ્રજાઓ પાસે નથી. એ સંદર્ભે ભારત દુનિયાનો સૌથી મેધાવી દેશ છે. ગોરી પ્રજાને એના રંગ પર ગર્વ છે. રંગભેદનો અનુભવ થયા વિના નહીં રહે. અમેરિકા પ્રમાણમાં ઉદાર રહ્યું છે, છેલ્લે તો બે સત્રથી એના રાષ્ટ્રપ્રમુખ તરીકે એક કાળા કુળનો મેધાવી માનવી બેઠો છે. એક દૂધમલ દીકરો તનિષ્ખ અગિયાર વર્ષની કાચી કુમળી વયે અમેરિકાની કેલિફોર્નિયા કમ્યુનિટી કોલેજમાંથી ત્રણ એસોસિયેટ ડિગ્રી હાંસલ કરીને વિશ્વવિક્રમ બનાવે છે, તેનું આપણને ગૌરવ હોવું જોઇએ, ગયે વર્ષે માર્ચમાં સ્ટેટ એક્ઝામિનેશન પાસ કરીને એણે પોતાની એકેડેમિક ક્ષમતા પુરવાર કરી ત્યારે અમેરિકાના પ્રમુખ બરાક ઓબામાને પણ એની નોંધ લેવી પડી હતી. બાળવયથી મેધાવી આ બાળક છ વર્ષની વયે હાઇસ્કૂલ અને સાત વર્ષની વયે કોલેજ પાસ કરે છે. ચાર વર્ષની વયે ૯૯.૯ આઇક્યુ પર્સન્ટાઇલ સાથે હાઇ આઇક્યુ સોસાયટી મેન્સામાં સૌથી નાની વયના વિદ્યાર્થી તરીકે સ્થાન મેળવે છે. આવા મેધાવી બાળકો ફક્ત યુએસમાં જ પાકે એવું નથી. માદરેવતનના હજારો વર્ષ જૂના ફળદ્રુપ જિન્સ તનિષ્ક જેવા વિદ્યાર્થીને આંતરરાષ્ટ્રીય ફલક પર ઝળકવાની ક્ષમતા બક્ષે છે. કદાચ આવા અનેક તનિષ્ક અહીં આપણી આસપાસ, ગંદી ગલીઓમાં કે ગામડાંના ખેતરશેઢાઓ પર ઊછરતાં હશે. એમને સાનુકૂળ વાતાવરણ સાંપડે તો એ પણ તનિષ્કની જેમ નાની વયે મોટા વિક્રમો સ્થાપી શકે. કૌટિલ્ય નામના મેધાવી બાળકને મીડિયાએ ચમકાવ્યો અને પછી એ ખોવાઇ ગયો! સરકારે આવા મેધાવી બાળકોને વિશેષ સુવિધાઓ પૂરી પાડવીને એમની પ્રકૃતિ-દત્ત શક્તિ પૂરબહાર પાંગરે, એવું વાતાવરણ સર્જવું જોઇએ. કમનસીબી એ છે કે આપણું જે કંઇ ઉત્તમ છે તે આપણે અમેરિકા - યુરોપ જેવા સમૃદ્ધ દેશોમાં એક્સપોર્ટ કરી દઇએ છીએ. તનિષ્કના પિતા સોફ્ટવેર ઇજનેર છે અને માતા તબીબ છે. બેઉએ કરિયર બનાવવા ખાતર જે માદરેવતન છોડ્યું હશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી દુનિયામાં ફરી ફરીને પોતાની વાહ વાહ કરતા-કરાવતા રહે છે ત્યારે આવી ભારતીય મેધા - 'ઇન્ડિયન ઇન્ટેલેક્ટ'ની સાચવણી અને જાળવણી એ શું સરકારની 'ટોપ પ્રાયોરિટી' ન હોવી જોઇએ? તનિષ્ક ૨૦૪૦ સુધી યુએસ પ્રેસિડેન્ટ બનવાનાં સપનાં સેવી રહ્યો છે, એથી આપણે ખુશ જરુર થઇએ, પરંતુ તે જ સમયે ભારતના વડાપ્રધાનપદે કોઇ તનિષ્ક જેવો જ મેધાવી-પ્રજ્ઞાવાન પ્રતિભા બેસે, એવું આપણે ન ઇચ્છવું જોઇએ! પરંતુ આપણું બુદ્ધિધન તો ઓબામાનાં ચરણોમાં આળોટે છે! આ સ્થિતિ બદલવાની દિશામાં સરકાર અને સમાજ-બેઉએ સહિયારો પુરુષાર્થ આદરવો જોઇએ અને એ માટે કોઇ મુહૂર્તની રાહ ન જોવી જોઇએ, એમ નથી લાગતું? ડો. હરગોવિંદ ખુરાના સહિત ઘણા ભારતીય વૈજ્ઞાનિકોને નોબેલ પ્રાઇઝ મળેલ છે. ભારતમાં તક ન મળતાં અમેરિકામાં આજીવિકા શોધાવા જવું પડ્યું અને ત્યાં જઇને એમની કદર થઇ. શું આ પરિસ્થિતિ આપણા દેશ માટે શરમજનક ન ગણાવી જોઇએ?





ગાંધીનગરના નિસર્ગ કોમ્યુનિટી સાયન્સ સેન્ટર તેમજ ગીર ફાઉન્ડેશનના સંયુક્ત ઉપક્રમે તા. ૨૨મી મે શુક્રવારે બાયોડાયવર્સિટી ડે નિમિત્તે ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાન ખાતે એક દિવસીય વર્કશોપ યોજવામાં આવ્યો હતો. વર્કશોપમાં નગરના ૫૦ બાળકોએ ભાગ લીધો હતો. વર્કશોપમાં વિદ્યાર્થીઓને વનસ્પતિ તેમજ પ્રાણી સૃષ્ટિનો વિગતવાર પરિચય કરાવવામાં આવ્યો હતો અને જૈવિક વિવિધતા આધારિત દ્રશ્યશ્રાવ્ય ફિલ્મ દેખાડવામાં આવી હતી. બાળકો વચ્ચે ચર્ચાસભા જેવા વિભિન્ન કાર્યક્રમો યોજી બાયોડાયવર્સિટી અંગે ઊંડાણપૂર્વકની સમજ કેળવવા પ્રયત્ન કરાયો હતો. આ ઉપરાંત બાળકોને પાર્કના બોટની ગાર્ડનની મુલાકાત કરાવી વિવિધ વનસ્પતિઓ તેમજ ઔષધિઓ અંગે સમજણ આપવામાં આવી હતી. આ કાર્યક્રમમાં આરએફઓ અતુલભાઈ અમીન, ગીર ફાઉન્ડેશનના નિયામક ભરત પાઠક અને નિસર્ગ કોમ્યુનિટી સેન્ટરના સંચાલક અનિલ પટેલે ઉપસ્થિત રહી બાળકોને જૈવિક વિવિધતા અંગે માર્ગદર્શન પુરું પાડ્યું હતું.

# ગ્રાન્ટેડ શાળામાં શિક્ષકો તેમજ આચાર્યની હજારો જગ્યા ખાલી

### ૧૯૯૮ પછી નિમાયેલા ફાજલ શિક્ષકોને રક્ષણ રદ કરવા પરિપત્ર બહાર પાડવામાં આવ્યો છે જેથી જગ્યાઓ વધશે

ગાંધીનગર, તા.૨૪

ગુજરાત સરકાર દ્વારા રાજયમાં શિક્ષણ પાછળ કરોડો રૂપિયા ખર્ચ કરવામાં આવે છે. પરંતુ ગુજરાતની ગ્રાન્ટેડ માધ્યમિક તથા ઉચ્ચ માધ્યમિક શાળાઓમાં શિક્ષકોની ૪૮૦૦ તથા આચાર્યોની એક હજાર જેટલી જગ્યા ખાલી છે છતા હજુ ૧૯૯૮ પછી નિમાયેલા શિક્ષકોને ફાજલને રક્ષણ રદ કરવા પરિપત્ર બહાર પાડવામાં આવ્યો છે. તેનાથી હજુ શિક્ષકોની જગ્યા ખાલી થશે. ત્યારે આ બાબતે પુનઃવિચારણા કરવા માંગ ઉઠી છે. પ્રાપ્ત થતી માહીતી મુજબ ગુજરાતની ગ્રાન્ટેડ હાઈસ્કુલમાં માધ્યમિક શિક્ષકોની ૮૦૦ જગ્યા, ઉચ્ચ માધ્યમિક શિક્ષકોની ચાર હજાર આચાર્યોની એક હજાર અને વહિવટી કર્મચારીઓની ૧૬૦૦ જેટલી જગ્યા ખાલી છે તેમાય તાજેતરમાં ૧૯૯૮ પછી નિમણૂંક પામેલા શિક્ષકોને ફાજલનું રક્ષ રદ કરવા શિક્ષણ કમિશનરે પરિપત્ર જાહેર કર્યો છે. આ બાબતથી વિસંવાદીતા ઉભી થશે. ધોરણ ૮ના વર્ગ બંધ થતા ૧૯૯૮ પછી નિમાયેલા જુનિયર શિક્ષકો પ્રાથમિક શાળાઓમાં ગોઠવાઈ જતા રક્ષીત બની ગયા છે. જયારે બીજી બાજુ તેનાથી સિનીયર શિક્ષકો વર્ગ બંધ થતા રક્ષણ ન હોવાથી છુટા થશે. સરકાર નવી ભરતી કરી જુના શિક્ષકોને છુટા કરે છે.

સરકારની સેલ્ફ ફાઈનાન્સ શાળાઓને આડેધડ મંજૂરી અને તેને પ્રોત્સાહન આપવાની નિતીથી ગ્રાન્ટેડ શાળાને બંધ કરાવવા પાછળ પડી છે. તેમાં શિક્ષકોની જગ્યા ખાલી છે. ૧૯૯૪ પછી નિમાયેલા શિક્ષકોનો ફાજલનું રક્ષણ રદ કરવા પ્રસિધ્ધ થયેલા પરિપત્રથી હજુ વધુ શિક્ષકોની જગ્યા ખાલી થશે અને ગ્રાન્ટેડ હાઈસ્કુલનો મૃત્યુઘંટ વાગી જશે. ત્યારે રાજયમાં ગ્રાન્ટેડ શાળાઓના રક્ષણ માટે ગુજરાતની ગ્રાન્ટેડ માધ્યમિક તથા ઉચ્ચ માધ્યમિક શાળાઓમાં ફાજલને રક્ષણ રદ કરવાના નિર્ણય અંગે પુનઃ વિચારણા કરવામાં આવે તેવી માંગણી શિક્ષક વર્તુળમાં ઉઠવા પામી છે.

## હરિની દ્રષ્ટિ...



સારું થયું સત્યનો વિજય થયો.. પરસેવાની કમાણી છે એવું સાબિત થઇ ગયું...!!

# મેરઠ યુનિવર્સિટીમાં ડૉ. કેશુભાઈ દેસાઈના અધ્યક્ષપદે રાષ્ટ્રીય પરિસંવાદ યોજાયો

ગાંધીનગર, તા. ૨૪

ઉત્તરપ્રદેશના ઐતિહાસિક નગર મેરઠ ખાતે ચૌધરી ચરણસિંહ યુનિવર્સિટીના નેજા હેઠળ 'હિન્દી અને ભારતીય સાહિત્ય' વિષય પર યોજાયેલ દ્વિ-દિવસીય પરિસંવાદ (તા. ૧૯/૨૦ મે, ૨૦૧૫)ની અધ્યક્ષતા કરતાં જાણીતા સાહિત્યકાર ડૉ. કેશુભાઈ દેસાઈએ માતૃભાષા અને રાષ્ટ્રભાષા એકમેકની પૂરક બની રહેવી જોઈએ એવો અભિપ્રાય દર્શાવ્યો હતો. પ્રાદેશિક ભાષાઓનું સાહિત્ય કોઈ પણ માપદંડથી માપતાં હિન્દી સાહિત્યથી ઉતરતી કક્ષાનું નથી બલકે ઘણી ભાષાઓમાં હિન્દી કરતાં ઊંચી કક્ષાનું સાહિત્ય સરજાઈ ચૂક્યું છે, એમ જણાવી એમણે ગુજરાતીની સદાબહાર મહાનવલ 'સરસ્વતીચંદ્ર' અને પન્નાલાલ પટેલની જ્ઞાનપીઠ પારિતોષિક વિજેતા નવલકથા 'માનવીની ભવાઈ'નાં ઉદાહરણ આપ્યાં હતાં.

ગુજરાતીમાં ગઝલના ખેડાણની ચર્ચા કરતાં એમણે વલી ગુજરાતીનો ઉલ્લેખ કર્યો હતો અને ગુજરાતી ગઝલ ઉર્દૂ ગઝલની લગોલગ પહોંચી ગઈ હોવાનો દાવો કર્યો હતો. બંગાળી, મરાઠી અને તમિળ જેવી ભાષાઓનું સાહિત્ય પણ ઘણું સમૃદ્ધ હોવાનું જણાવી ડૉ. કેશુભાઈ દેસાઈએ માતૃભાષાની ગરિમા જાળવવા આખ્યાનકવિ પ્રેમાનંદે પાઘડી નહીં પહેરવાની પ્રતિજ્ઞા કરેલી તે ઐતિહાસિક ઘટનાનો ઉલ્લેખ કર્યો હતો.

હેમચંદ્રાચાર્ય ગુજરાતી અને હિન્દી-બેઉના આદિપુરુષ છે અને છે અને એ દૃષ્ટિએ બેઉ ભાષાઓ જોડિયા બહેનો જેવી છે. હિન્દીને 'દેશભાષા' અને 'રાષ્ટ્રભાષા'નો દરજજો પણ ગુજરાતના જ બે મહાન સપૂતો-દયાનંદ સરસ્વતી અને મહાત્મા ગાંધીએ અપાવ્યો હતો. હિન્દીના પ્રથમ ગદ્યલેખક લલ્લુલાલ ગુજરાતી હતા. પ્રણામી ધર્મના પ્રવર્તક મહામતિ પ્રાણનાથે દેશમાં સૌને સમજાતી ભાષા માટે સૌ પ્રથમ 'હિન્દુસ્તાની' શબ્દ આપ્યો હતો.

ગુજરાતમાં ગુજરાતી ઉપરાંત હિન્દીને પણ રાજભાષાનો દરજ્જો પ્રાપ્ત હોવાનું જણાવી ડૉ. કેશુભાઈ દેસાઈએ ઉર્દૂ અને હિન્દી વચ્ચે ધર્મના નામે રચાયેલી દીવાલ તોડી નાખવાની હાકલ કરી હતી. સમારોહનું સંચાલન બાગપતની ચરણસિંહ ચૌધરી કોલેજના પ્રાધ્યાપક ડૉ. મોનુસિંહે કર્યું હતું, અને સમગ્ર આયોજન હિન્દી વિભાગના અધ્યક્ષ પ્રોફેસર ડૉ. નવીનચંદ્ર લોહનીના માર્ગદર્શન હેઠળ કરાયું હતું.

# કૌભાંડોમાં સંડોવાયેલાઓને ગુજરાતની સરકાર બચાવે છે

### ગુજરાતની મોટાભાગની યુનિવર્સિટીમાં છેલ્લા ૧૫ વર્ષમાં વ્યાપક પ્રમાણમાં વિવિધ વિવાદો અને ભ્રષ્ટાચારો : કોંગ્રેસ

અમદાવાદ, તા.૨૪

યુનિવર્સિટીઓમાં નાણાકીય ગેરરિતિઓ અટકાવવા અને કોઈપણ પ્રકારના શૈક્ષણિક અને વહીવટી પ્રશ્નો અંગેના વિવાદના ઉકેલ માટે લોકપાલની દરેક યુનિવર્સિટીઓમાં નિમણૂંક કરવા માટેના યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશનના નિર્ણય અંગે ગુજરાતની ભાજપા સરકાર સંપૂર્ણપણે જાણીજોઈને બેદરકારી દાખવી રહી છે. જેના પાછળ પોતાના મળતીયાઓનો ભ્રષ્ટ્રાચાર શિક્ષણ સંસ્થાઓમાંથી બહાર ન આવે તે માટેની ભાજપ નીતિની આકરી ટીકા કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રવક્તા ડૉ.મનીષ દોશીએ ગુજરાતની મોટા ભાગની યુનિવર્સિટીઓમાં છેલ્લા ૧૫ વર્ષમાં વ્યાપક પ્રમાણમાં વિવિધ વિવાદો અને ભ્રષ્ટ્રાચાર ની ફરીયાદો બહાર આવી છે. રાજયની મોટામાં મોટી યુનિવર્સિટી એવી ગુજરાત યુનિવર્સિટીમાં છેલ્લા દસ વર્ષમાં મોટા પાયે ભ્રષ્ટ્રાચાર થયાની ફરિયાદો નામદાર અદાલતોમાં થઈ છે. અનેક કિસ્સામાં રાજયના શિક્ષણ વિભાગ ફરિયાદ અંગેના સંપૂર્ણ અહેવાલ પછી પણ કોઈ પગલા ભરવામાં આવતા નથી. ઉલટાનું, ઘણા બધા કિસ્સામાં કૌભાંડોમાં સંડોવાયેલાને રાજય સરકાર બચાવી રહી છે. યુજીસી દ્વારા દરેક યુનિવર્સિટીમાં લોકાપાલની નીમણુંકો થાય અને લોકપાલની પંસદગી માટેની કમીટી રાજયપાલના આદેશથી નીમાય તેવા સ્પષ્ટ નિયમ છતાં ગુજરાતની એક પણ યુનિવર્સિટીમાં લોકપણની નિમણૂંક માટે કોઈ પ્રક્રિયા કરવામાં આવી નથી. ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી કેજેમાં ૧૨૫ ડીગ્રી એન્જીનીયરીંગ કોલેજ, ૧૦૦ ડિપ્લોમાં કોલેજ, ૨૦૦ એમ.બી.એ એમ.સી.એ કોલેજ, ૮૦ ફાર્મસી કોલેજના લગભગ ૪ લાખ જેટલા વિદ્યાર્થીઓ અભ્યાસ કરતા હોય તે માટે યુજીસીના આદેશ મુજબ લોકપાલ નીમવાની પ્રક્રિયા જાન્યુઆરી, ૨૦૧૩માં તત્કાલીન રાજયપાલ ડૉ.કમલજીએ શરૂ કરી હતી. ભાજપ સરકારના ઈશારે જીટીયુના કુલપતિએ ખાનગી કોલેજોની કરોડો રૂપિયાની વસૂલતી ફી, અપૂરતા અધ્યાપકો, અપૂરતી લાયબ્રેરી અને લેબોરેટરી સુવિધાઓ અને ગેરકાયદેસર વસૂલતા કરોડો રૂપિયાના ડોનેશનોના કૌભાંડો ખુલ્લા ન પડે તે માટે લોકપાલ પંસદગી માટેની સર્ચ કમીટીની એક પણ બેઠક બોલવામાં ન આવી. ગુજરાતની ભાજપ સરકાર તેમનો ભ્રષ્ટ્રાચાર ખુલ્લો ન પડે તે માટે લોકાયુક્તની સાત વર્ષ સુધી નિમણૂંક અટકાવી તે રીતે જ યુનિવર્સિટીઓમાં લોકપાલની નિમણુંક અટકાવી દીધી આ છે ગુજરાતની ગતિશીલ સરકારનું શિક્ષણ પ્રત્યેની પ્રતિબદ્ધત રાજયની શૈક્ષણિક સંસ્થાઓમાં નાણાકીય પારદર્શકતા આવે ખાનગી સંસ્થાઓ દ્વારા વિદ્યાર્થી-વાલીઓનું થતા શોષણ ન્યાયિક વ્યવસ્થાતંત્ર નિયુક્તિ માટે યુજીસી આદેશનું રાજય સરકાર પાલન કરે.

# સ્રીની આદર્શ સ્થિતિ (સશક્તિકરણ) એ છે કે સ્રી જ એટલી તાકાતવાળી અને સક્ષમ બને કે સમસ્યા તે પોતે જ સુલઝાવી શકે

નીલા અને શીલાના કેસની ચર્ચા કરી રહયા હતા. નીલા અને શીલા બંને બહેનો છે અને સુરેશ અને રમેશ એ બંને ભાઈઓ છે. આ બંને વ્યકિતઓના ઘોડિયા લગ્નો નક્કી થયેલા છે અને નાની ઉંમરમાં લગ્ન પણ થઈ ગયા છે. શીલા અને નીલા એ શિક્ષણ પ્રાપ્ત કર્યું છે અને તે રીતે પોતાની રીતે વિચારતી થઈ છે. તેઓની બાબતે આગળ જોઈએ તો,

શીલા અને નીલા પોતાની સમજણના આધારે પોતાનું ભવિષ્યનું લગ્નજીવન સુરેશ અને રમેશ સાથે ચાલી શકે તેમ નથી. તેવું દ્રઢ પણે માને છે. પ્રથમ તો માતાપિતા આ બાબતે સંમત થતા નથી. પરંતુ શીલા અને નીલાની જીદ તથા સમાજના આગેવાનોની સમજાવટને લઈને માતાપિતા સામાપક્ષમાં સંપર્ક કરે છે. પ્રથમ તો આ બાબતે બંને કુટુંબો વચ્ચે મોટું યુધ્ધ છેડાઈ જશે તે પ્રકારની સ્થિતિ ઉભી થાય છે. બંને પક્ષના કુટુંબીજનો શીલા અને નીલાના માતાપિતાને ખૂબ જ દબાણ કરે છે કે કોઈપણ સંજોગોમાં શીલા અને નીલાના જે નાનપણમાં લગ્ન થયા છે તે બાબતને વળગી રહેવું જોઈએ અને બંને દિકરીઓને સાસરે મોકલી દેવી જોઈએ.

થોડા દિવસ શીલા-નીલાના ઘરમાં ખૂબ જ વાદ વિવાદો ચાલે છે. એક સમયે તો શીલા અને નીલા પણ સાસરે જવા મજબૂર થાય છે. પરંતુ કેટલીક આકરી શરતો રજૂ કરે છે. પોતે આગળ ભણવા માંગે છે, આગળનો અભ્યાસ કરીને ભવિષ્યમાં નોકરી પણ કરશે અને આવી તો અનેક બાબતો પોતાના માતાપિતા અને સસુર પક્ષ સમક્ષ રજૂ કરે છે.

બાળવિવાહ થયા હોય અને પછી મોટી ઉંમરે થયેલા વિવાહ ફોક થાય તો ઉભય પક્ષે કેટલાક પ્રશ્નો ઉભા થાય છે. જેમ કે અમુક જ્ઞાતિઓમાં નાની ઉંમરમાં લગ્ન નક્કી થઈ જતા હોવાથી જો દિકરો કે દિકરી મોટી ઉંમરના હોય તો ફરીથી લગ્ન કરવા સંદર્ભે કેટલીક મુશ્કેલીઓ અનુભવે છે. આમ પણ દિકરીઓની સંખ્યા દિકરાઓના પ્રમાણમાં ઓછી હોવાથી દિકરાઓના લગ્ન સંદર્ભે માત્ર દિકરીઓની ઓછી સંખ્યા હોવાને કારણે મુશ્કેલી ઉભી થાય છે. જે બાબતે આપણે અગાઉના પ્રકરણોમાં ચર્ચા કરી હતી અને ''વેચાતા લગ્નો'' એ વિશે ઉદાહરણ સાથે ચર્ચા કરી હતી. વળી અમુક જ્ઞાતિમાં કન્યા વિક્રય નો પણ રિવાજ છે. એટલે કે કન્યાના પિતાને લગ્ન સમયે (લગ્ન નક્કી કરતા સમયે) પતિ પક્ષ તરફથી રકમ આપવામાં આવે છે અને ખાસ કરીને અમુક રાજયોના અંતરિયાળ પ્રદેશોમાં ભભદુલ્હનની કિંમતભભ એવો શબ્દ પણ પ્રચલિત છે. એમ કહેવાય છે કે રાજસ્થાનમાં કેટલાક જિલ્લાઓમાં બાળલગ્નનું વિષચક્ર સતત ચાલતું રહે છે. ક્રિયાશીલ આગેવાનો અને સમાજ સેવી સંસ્થાઓએ આ બાબતમાં ખૂબ ઉંડાણપૂર્વક વિષયનો અભ્યાસ કરીને કામ કરવાની જરૂર છે. જે દિકરીને લગ્ન અંગે પણ સમજણ નથી તેણીને જો પરણાવી દેવામાં આવે તો એવું લાગે છે કે આ સૌથી મોટો પોતાના પરિવાર તરફથી થતો અત્યાચાર છે.





સંયુકત રાષ્ટ્ર સંઘના વડા બાનકી મૂનનો આ મહિલા દિવસનો સંદેશો જે પ્રસારિત થયો હતો તે અંગે જોઈએ તો મહિલા પરત્વેના અત્યાચારો વિશ્વભરમાંથી દૂર કરવાની અપીલ કરવામાં આવી છે. ખાસ કરીને મહિલાઓના દરજજા બાબતે અનેક વૈશ્વિક સંમેલનો યોજાયેલ છે. ૧૯૯૫ ની બૈજિંગ ખાતે મળેલ વૈશ્વિક મહિલા પરીષદ અને તેમાં થયેલી વૈશ્વિક ઘોષણાઓ જેમાં

(૧) જાતિગત સમાનતા

(૨) મહિલા અત્યાચારો અને

(૩) મહિલા સશકિતકરણ

એ મુદ્દાઓ સંદર્ભે કામ કરવાનો સમય પાકી ગયો છે. અને આજ સુધી આપણે ખૂબ વિચાર અને મંથક કર્યું પરંતુ હવે બધી જ બાબતોને કાર્યાન્વિત કરવાનો સમય પાકી ગયો છે. તેવું વૈશ્વિક સંદેશો સૌ જાણે છે.

જયારે બેટી બચાઓની વાત ચારેકોર જોરશોરથી ચાલી રહે છે ત્યારે આવી નાની અને કુમળી વયની દિકરીઓ કે જેને લગ્નની જ ખબર નથી તેને પરણાવી દેવાની બાબત સંદર્ભે સૌએ સભાન થવાની જરૂર છે.

નાની વયમાં દિકરીઓને પરણાવી દેવાની વાત સામાજિક અપરાધ છે જ પરંતુ સાથે સાથે કાનુનમાં પણ તે બાબતે સજાની જોગવાઈ છે. બીજી બાબત એ છે કે દિકરીના લગ્ન સમયે જો પિતાને પૈસા મળ્યા હોય તો આ દિકરીના છુટાછેડા સમયે તે પૈસા પતિપક્ષને પરત દેવા પડે છે. ઘણીવાર તો એવું બને કે માતાપિતા ગરીબ હોય અને દિકરીના લગ્ન કરવાની જે રકમ મળે તેમાંથી દિકરીના લગ્ન તો સારી રીતે થઈ જાય છે. પરંતુ છુટાછેડા સમયે દિકરીના પિતા પાસે લગ્ન સમયે લીધેલી રકમ પાછી આપવાની આર્થિક સ્થિતિ નથી. ઘણા કેસોમાં વર્ષો સુધી આ બાબતે બંને પક્ષ વચ્ચે કોર્ટ કેસો પેંડીંગ રહે છે. નવાઈ અને આશ્ચર્ય તો ત્યારે થાય કે કેટલાક આગેવાનો પણ આ બાબતે સમાધાન કરવા તૈયાર નથી.

વારંવાર લગ્નનો ભોગ બનેલી દિકરીઓને પણ મળવાનું થયું છે એક દિકરી તો એટલી બધી જીદ કરતી હતી કે તેણીને પ્રથમ પતિ પાસે પાછું જવું હતું. રૂપાના લગ્ન પોતાની જ જ્ઞાતિમાં થયા લગ્નજીવન દરમિયાન એક પુત્ર પ્રાપ્તિ પણ થઈ પરંતુ પતિ અને પત્નિના માતાપિતા વચ્ચે ખૂબ જ કટરાગ થતા બંનેના માતાપિતાએ અરસપરસ છુટાછેડા નક્કી કર્યા. રૂપાનું બીજું લગ્ન થયું પતિ ખૂબ બિમાર પડયો અને પતિનું મૃત્યુ થયું. રૂપાનું ત્રીજું લગ્ન થયું, પતિ કાંઈ કમાતા નથી, રૂપા સખત કામ કરીને ઘર ચલાવાની કોશીષ કરે છે પરંતુ માર સહન થતો નથી. તેથી રૂપાને આ બધું વિચારતા સૌથી સારો પહેલો પતિ હતો.

રૂપાના આખા કેસની વિગતવાર ચર્ચા કરીશું પરંતુ આ કહેવાનો ભાવાર્થ એ છે કે કોઈ દિકરીનું લગ્ન અને એ દિકરીના થતા છૂટાછેડા એ સંદર્ભે કયાંય દિકરીની જ સંમતિ ન હોય તો કેટલે અંશે વ્યાજબી અને ન્યાયિક છે? બાળલગ્ન સંદર્ભમાં પણ બાળકીની પોતાની માનસિકતા કે લગ્ન અંગેની તૈયારી કે લગ્ન અંગેની સંમતિ આ બાબતેનો વિચાર કરવો ઘટે. દુઃખ તો એ વાતનું થાય કે અંતરિયાળ કેટલાય વિસ્તારોમાં છુટા લીધેલ સ્ત્રીએ કુંવારા દિકરા સાથે લગ્ન ન જ કરી શકે તેવી માન્યતા પ્રચલિત છે. ગ્રામ્ય પંચાયતો અને ખાપ પંચાયતો જે અલગ અલગ ગેરકાયદેસર બાબતો અમલમાં મૂકે છે તે બાબતે સંશોધન કરીને તેને સંપૂર્ણપણે દૂર કરવાનો સમય પાકી ગયો છે.

કહેવાય છે કે વૈદિકકાળની સ્ત્રીઓની ઉત્તમ સ્થિતિ ફરીથી આધુનિક વિચાર, વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણ અને વર્તમાનને સાનુકૂળ એવી સ્થિતિ ફરી આવનાર છે. તેવી આર્ષ વાણી છે. એ સંદર્ભમાં જોઈએ તો સ્ત્રીની આદર્શ સ્થિતિ (સશકિતકરણ) એ છે કે સ્ત્રી જ એટલી તાકાતવાળી અને સક્ષમ બને કે સમસ્યા તે પોતે જ સુલઝાવી શકે.

સ્ત્રી સશકિતકરણની આયામોની પણ અગાઉના અંકોમાં ચર્ચા કરી છે અને આ સશકિતકરણના આયામમાં સમાનતા સંદર્ભે કાયદાકીય અભિગમ એ સૌથી અગત્યની બાબત છે. નવા કાયદાની જાણકરી સાથે મળીએ આવતા અંકે...